## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ડ્રગ્સનું તો આંતરરાષ્ટ્રીય કૌભાંડ છે આપણે તો સ્થાનિક કૌભાંડ કરતા ઈંડાની લારીવાળાને પકડો...!!!**



સેક્ટર-૬ ના અપનાબજાર પાસે વાહનો આડેધડ પાર્ક કરવામાં આવે છે. આડેધડ પાર્ક કરવામાં આવેલા વાહનો ટ્રાફિકને અડચણરૂપ હોઈ ટ્રાફિક પોલીસ દ્વારા અહીં કાર્યવાહી કરવામાં આવી હતી. અડચણરૂપ વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- આજે ખંડ સમયના વ્યાખ્યાતાઓ રાજ્યના શિક્ષણમંત્રીને મળી તેમના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- પંચાયતી રાજ સમિતિની આજે વિધાનસભા ખાતે બેઠક મળી હતી.
- ગાંધીનગરમાં ગતિ નિયંત્રણના અમલને લઈ હવે ટ્રાફિક પોલીસ દ્વારા ચલણો સીસીટીવીના ફૂટેજના આધારે આપવાનું શરૂ કર્યુ છે.
- આગામી ૫ મી ડિસે.ના રોજ વિદ્યાર્થી વિજ્ઞાન મંથન અંતર્ગત ડીજીટલ ડિવાઈસ કરી પરીક્ષણ યોજી વિજ્ઞાન પ્રતિભા શોધ કરવામાં આવશે.
- જિલ્લા પંચાયતમાં કર્મચારીઓ માટેની હિન્દીની પરીક્ષા યોજાઈ હતી.
- આજથી ડિસેમ્બરની ૧૬મી સુધી લગ્નોના સૌથી વધુ મુહૂર્ત આવે છે.
- ૧૨ થી વધુ ગામોમાં મિલ્કતોના સર્વેની કામગીરી મનપાએ પૂર્ણ કરી છે. અંદાજે ૪૫ હજાર જેટલી મિલ્કતોનો સર્વે પુરો થયાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.
- આજે સ્વર્ણિમ સંકુલમાં મુલાકાતીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી જણાઈ હતી.
- સ્માર્ટસીટી તેમજ ઈજનેરી શાખાના ચાલતા કામો અંગે આજે મનપાના મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેને સંયુક્ત બેઠક યોજી વિગતો મેળવી હતી.

# જીઆઈડીસી સ્થિત શ્રમિક મહિલાના ૨.૩૬ લાખનો દાગીના અને રોકડ લૂંટીને શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ જીઆઈડીસી ખાતે રહેતી મહિલાને કોલવડાના શખ્સે મજુરી કામ અપાવવાની લાલચ આપી દિવસ દરમિયાન ટેમ્પોમાં ફેરવી હતી. જયારે સાંજના સમયે વાવોલના નાળીયા પાસે ખેતરમાં મહિલાને લઈ જઈને કપડા ખેંચી બદનામ કરવાની ધમકી આપી માર મારી સોના-ચાંદીના દાગીના રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨.૩૬ લાખની લુંટ ચલાવી આરોપી નાસી ગયો હતો. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસ મથકે મહિલાએ ફરીયાદ નોંધાતા આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં રહેતી મહિલા છુટક મજુરી કામ કરે છે. જયારે મહિલાના પતિ કડીયા કામ અને એક દિકરો રીક્ષા ચલાવે છે. જયારે બીજો દિકરો ડ્રાઈવરની નોકરી કરે છે. ઘરમાં આર્થિક સંકળામણ રહેતા મહિલા અઠવાડીયા પહેલા મજુરી કામની શોધમાં હતા. તે સમયે કોલવડાનો રણજીત દંતાણી છોટા હાથી લઈને તેમની પાસે આવ્યો હતો અને કામ અપાવવાનું કહી મહિલાનો મોબાઈલ નંબર લઈને ગયો હતો. ત્યારબાદ રણજીતે ચાર-પાંચ વખત મહિલાને ફોન કર્યા હતા. જયારે ગત તા.૧૨ નવેમ્બરના રોજ રણજીતે ફાર્મ હાઉસમાં સાફ સફાઈનુ કામ હોવાનુ કહી મહિલાને સધી માતાના મંદિર ખાતે બોલાવી છોટા હાથીમાં લઈ જઈને બે ત્રણ ફાર્મ હાઉસ બતાવવા માટે આખો દિવસ ફર્યો હતો. છોટા હાથીને માર્ગમાં પંકચર પડતા રિક્ષામાં મહિલાને વાવોલ નજીક નાળીયાના ખેતરના રસ્તે લઈ ગયો હતો. શિયાળાને પગલે સાંજ ઢળતા જ અંધારુ થઈ જતા આસપાસ કોઈ નહી દેખાતા રણજીતે મહિલાને બેસી જા અને તેને પહેરેલા દાગીના આપી દેવા માટે ધમકી આપી હતી. મહિલાને દાગીના આપવા માટે ના પાડી હતી. જેથી રણજીતે મહિલાની ગળુ દબાવી માર માર્યો હતો. ત્યારબાદ મહિલાને ખેંચીને ખેતરમાં લઈ જઈને બદનામ કરવાની ધમકી આપી હતી. જેથી મહિલા ગભરાઈ ગયા હતા. રણજીતે મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટી નંગ-૨, સોનાના કાનના વેડલા નંગ-૫, ચાંદીના કડલા નંગ-૨ તેમજ પર્સમાંથી રોકડ રૂ.૫૦૦ તેમજ મોબાઈલ ફોનની કિં.૫૦૦ લઈ નાસી ગયો હતો. ત્યારબાદ મહિલા માર્ગ પર આવીને દુકાનવાળા ભાઈને હકીકત કહી હતી ત્યારબાદ ઘરે પહોંચ્યા હતા. જયારે ઘરે પહોંચતા તેમના પતિએ દાગીના તેમજ ઈજા અંગે પુછતા મહિલાએ એક ભાઈને દવાનો ખર્ચો આવ્યો હોવાથી આપ્યા છે તેમજ માર્ગમાં પડી જવાથી ઈજાઓ થઈ હોવાની વાત ઉપજાવી હતી. ત્યારબાદ મહિલાને તેમના પતિને સમગ્ર વાતની જાણ કરી હતી. જેથી સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધી આરોપીને પકડી પાડવા માટે કવાયત હાથ ધરી હતી.

## લુંટના ગુનાને અંજામ આપનાર રણજીત દંતાણી શિરોહીથી ઝડપાયો

**પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને પકડી લુંટનો મુદ્દામાલ રીકવર કર્યો**

ગાંધીનગર, તા.૧૬



ગાંધીનગર શહેરની સેક્ટર-૨૫ ખાતે રહેતી જરુરીયાતમંદ મહિલાને મજુરી કામની લાલચ આપી આખો દિવસ છોટા હાથીમાં ફેરવ્યા બાદ સાંજના સુમારે વાવોલ નાળીયા પાસેના ખેતરમાં લઈ જઈ ગળુ દબાવી માર મારી બદનામ કરી દેવાની ધમકી આપીને આરોપી સોના-ચાંદીના દાગીના, રોકડ અને મોબાઈલ સહિત રૂ.૨.૩૬ લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયો હતો. ત્યારે બનાવ અંગે મહિલાએ સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પીઆઈ એમ.જે.ભરવાડે વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી દીધી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસે આરોપીના વાહનની વિગત મેળવી સીસીટીવી ફુટેજની ચકાસણી કરવામાં આવી હતી. એલસીબી ગાંધીનગરની ટેકનીકલ ટીમની મદદ મેળવી આરોપીનો નંબર તેમજ લોકેશન મેળવતા તે અંબાજીનું આવતુ હતું. ત્યારબાદ સર્વેલન્સની ટીમે એલસીબીની ટેકનીલક ટીમ સાથે સતત સંપર્કમાં રહીને લોકેશન મેળવીને આરોપીને શિરોહી ખાતેથી પોલીસે દબોચી લીધો હતો. આ લુંટ અને અપહરણના ગુનાના આરોપી રણજીત દંતાણીને સેક્ટર-૨૧ ની ટીમે ગણતરીના કલાકોમાં દબોચી લીધો હતો અને આરોપી પાસેથી લુંટનો મુદ્દામાલ પણ રીકવર કર્યો હતો. જયારે આરોપી અગાઉ પણ ચોરીના ગુનામાં પકડાયો હોવાની કબુલાત કરી છે.

## ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પ યોજાશે. સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ખાતે ૧૮મીના રોજ નેચરોપથી દિવસ નિમિત્તેસવારે ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન કુદરતી ઉપચારના નિઃશુલ્ક સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરેલ છે.

આ કેમ્પમાં દર્દીઓને કુદરતી ઉપચાર પદ્ધતિઓ જેમ કે હાઈડ્રો થેરાપી, માલિશ, મડ થેરાપી, કસરત, યોગ અને આહારમાં ફેરફાર દ્વારા રોગ કઈ રીતે મટાડી શકાય છે તેની જાણકારી આપવામાં આવશે તથા ૧૧.૦૦ થી ૧.૦૦ દરમિયાન લોકલ સ્ટીમ, એક્યુપ્રેશર, સુજોકની સારવાર અને રોગ પ્રમાણે જરૂરી યોગ અંગેનું માર્ગદર્શન નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેમ્પ માટેની માહિતી મેળવવા ૮૪૦૧૧૧૩૧૨૪, ૮૧૨૮૦૭૧૯૨૧ નંબર પર સંપર્ક કરવા જણાવેલ છે.

**જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા**

## પાંચ વર્ષના સોસાયટીઓના ઓડીટ માટે ડિસેમ્બરમાં કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ), અમદાવાદ-ગાંધીનગર જિલ્લા દ્વારા તમામ કો.ઓ. હાઉસીંગ સોસાયટીઓ તથા હાઉસીંગ સર્વિસ સોસાયટીના હોદ્દેદારોએ સોસાયટીના વૈધાનિક ઓડીટ પાંચ વર્ષ ઉપરના બાકી છે. તે તમામ ઓડીટ પૂર્ણ કરવા માટે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ) અમદાવાદ (ગાંધીનગર જિલ્લો) દ્વારા ડિસેમ્બર માસમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સરકારશ્રી દ્વારા ૧૦૦ દિવસમાં કરવાની કામગીરીના ભાગરૂપે જિલ્લા રજિસ્ટ્રાર, સહકકારી મંડળીઓ, ગાંધીનગર, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧ ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લાના કાર્યક્ષેત્રેમાં આવતી તમામ કો.ઓ.હાઉસીંગ સોસાયટીઓ તથા હાઉસીંગ સર્વિસ સોસાયટીના હોદ્દેદારોએ સોસાયટીનું છેવટ સુધીનું દફતર તૈયાર કરી મો. નં. – ૯૪૨૬૫ ૯૮૮૭૩ ઉપર સંપર્ક કરવા જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓએ જણાવ્યું છે.

## અજાણી કારની ટક્કરે ઘાયલ જીસીઈઆરટીના કલાર્કનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર,તા.૧૬

શહેરના ગ-૫ થી સેકટર-૨૪ ચાર રસ્તા તરફ બે મિત્રો સ્કુટી લઈને જઈ રહ્યા હતા. તે સમયે પાછળથી અચાનક કાર ચાલકે ટક્કર મારતા બે મિત્રો નીચે પટકાયા હતા. પરંતુ તે પૈકી એક મિત્રને મોંઢાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. પરંતુ સામાન્ય ઈજા પહોંચી હોવાનું સમજી ઘરે ગયા હતા. જયારે બીજા દિવસે દુખાવો થતા ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ અમદાવાદ સિવિલમાં લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન દિલિપભાઈનું મૃત્યું નિપજયું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના બીલડીયા ગામના વતની અને હાલ ગાંધીનગર સેકટર-૨૩ બ્લોક નં.૨૯-૭ છ ટાઈપ ખાતે રહેતા દિલિપભાઈ જીસીઆરટી ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. ગત તા.૮ ના રોજ સાંજના ઘરે જતા પિતા દિલિપભાઈ પણ હાજર હતા. તેમના મોંઢાના ભાગે ઈજાના નિશાનો હોવાથી હરીશભાઈએ પુછતા જણાવ્યું હતું કે ચાર વાગ્યાના અરસામાં ઓફિસમાં કામ કરતા મિત્ર કેશાભાઈ સાથે કોઈ કામ અર્થે ગ-૫ થી સેકટર-૨૪ ચોકડી તરફ જતા માર્ગ પર પાછળથી કોઈ અજાણી કારના ચાલકે ટક્કર મારતા તેઓ બંન્ને નીચે પડી જતા ઈજા પહોંચી હતી. જયારે સામાન્ય ઈજા સમજીને બંન્ને મિત્રો ઘરે જતા રહ્યા હતા. જયારે બીજા દિવસે દિલિપભાઈને પેટમાં દુખાવો ઉપડતા ખાનગી હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવા ર માટે અમદાવાદ રીફર કરાયા હતા.

## પેથાપુર સ્વામિનારાયણ મંદિર ખાતે હાટડી ઉત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૬

ગઈકાલે રાત્રે સ્વામિનારાયણ મંદિર પેથાપુર ખાતે પ્રબોધિની એકાદશી એ ખાસ પરંપરાગત મહત્વ ધરાવતા હાટડી ઉત્સવ નું આયોજન કરવામાં આવ્યું. ભગવાન ને વિવિધ પ્રકારના શાકભાજી તથા ગરમ ઊન ના વસ્ત્રો ધરાવવા મા આવ્યા. મૂળા,મોગરી, રીંગણ, દૂધી,શેરડી ઊપર વિશેષ રીતે ૫ અલગ અલગ આરતી ઉતારવા આવી. શાકભાજી વેચતા મહારાજ ના દિવ્ય દર્શન અને કિર્તન ભક્તિ નો લાભ પેથાપુર ગામના હરિભક્તો એ ખૂબ લીધો.સમગ્ર કામગીરી નુ સફળ આયોજન પેથાપુર સ્વામિનારાયણ મંદિર ના મહંત સ્વામી ગુરુ સ્વામી ની પ્રેરણા હેઠળ સમગ્ર સત્સંગી ઓ કર્યું હતું. જય સ્વામિનારાયણ



સાંતેજ કોંગ્રેસ દ્વારા જીલ્લા પંચાયત ની શીટ માં આવતી તાલુકા પંચાયતના તમામ ડેલીગેટ દ્વારા લોકોપયોગી કાર્યો ઝડપથી થાય અને કોઈપણ કામ માટે તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત માં રજુઆત અથવા કોઈ પ્રશ્નો આ વીસ્તાર ના હોય તો આ ઓફીસ દ્વારા તેનુ નિરાકારણ ઝડપથી થાય તે હેતુથી ઓફીસ નું ઉદ્‌ઘાટન ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોર દ્વારા કરવામાં આવી આ પ્રસંગે કલોલ તાલુકા કોંગ્રેસ સમિતી ના પ્રમુખ શ્રી રશ્મીજી ઠાકોર, કાર્યકારી પ્રમુખ શ્રી જવાનજી ઠાકોર, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રસિંહ (પીન્ટુભાઈ) કલોલ તાલુકાના પૂર્વ પ્રમુખશ્રી ગમાજી ઠાકોર, તેમજ આ વીસ્તાર ના તાલુકા અને જીલ્લા પંચાયત સભ્યો, આગેવાનો અને હોદ્દેદારો ઉપસ્થીત રહ્યા

# ગાંધીનગર જિલ્લામાં ૧૮ થી ૨૦ દરમ્યાન આત્મનિર્ભર ગ્રામ યાત્રા

**આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો આરંભ ૧૮મીથી અડાલજ ખાતેથી કરાશે**

**ગાંધીનગર જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામ યાત્રા ૧૫૦ ગામોમાં ફરશે**



ગાંધીનગર, તા.૧૬

સમગ્ર રાજયમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૮ નવેમ્બરથી ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો આરંભ થનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં યોજાનાર ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાના સુચારું આયોજન અર્થ આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ ત્રિદિવસીય યાત્રા દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૧૯૫૮ લાખથી વધુ રકમના વિવિધ કામોનું લોકાર્પણ- ખાતમુર્હૂત અને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ૧૧ જુદા જુદા વિભાગોને સાંકળીને વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને વિવિધ વિભાગના લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવા માટે તા. ૧૮ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રા યોજાનાર છે.

જિલ્લા કલેકટર શ્રી ડાં. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, આ યાત્રા અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયતની કુલ – ૨૮ સીટ અનુસાર રૂટ બનાવવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો આરંભ અડાલજ ગામ ખાતેના જગન્નાથ મંદિર ખાતેથી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શીશપાલસિંહ રાજપુત ઉપસ્થિત રહીને રથને પ્રસ્થાન કરાવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી દેવાંગીબેન દેસાઈએ જણાવ્યું હતું કે, ૧૫૦ ગામોમાં આ બન્ને આત્મનિર્ભર ગ્રામ યાત્રાના રથો જશે. જેમાં ગાંધીનગર તાલુકાની ૮ સીટના ૪૪ ગામો, દહેગામ તાલુકાની ૭ સીટના ૪૦ ગામો, કલોલ તાલુકાની ૬ સીટના ૩૬ ગામો અને માણસા તાલુકાના ૭ સીટના ૩૦ ગામોમાં આ રથ જશે.

આ ઉપરાંત શેરી નાટક, પશુ સારવાર કેમ્પ અન્ય વિવિધ કાર્યક્રમ યોજાશે. યાત્રા જે ગામે જશે, ત્યાં સરકારની ફ્લેગશીપ યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ, નિવાસી અધિક કલેકટર શ્રી રીતુ સિંગ, પ્રાંત અધિકારી જે. એમ. ભોરણિયા સહિત તાલુકા વિકાસ અધિકારી અને સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પેથાપુર મહિલા ટીમે ગુમ ત્રણ વર્ષની બાળકીનું દાદી સાથે સુખદ મિલન કરાવ્યું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર મુલચંદ પાર્ક ખાતે રહેતા એક પરિવારની અંદાજીત સાડાત્રણ વર્ષની દિકરી દાદી ઘરમાં કામમાં વ્યસ્ત હતા. તે સમયે અચાનક રમતા-રમતા ઘરની બહાર નીકળી જતા દાદી ગભરાઈ ગયા હતા અને દિકરીને શોધવા માટે પ્રયત્નો કર્યા હતા. ત્યારે પેથાપુરની મહિલા ટીમે માત્ર બે કલાકમાં જ પેથાપુરના તમામ વિસ્તારો ખુંદી નાંખીને બાળકીને તેના દાદી સાથે મિલન કરાવ્યું હતું.ત્યારે દાદીએ પણ પોલીસની ટીમની કામગીરી બિરદાવી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર મુલચંદ પાર્ક ખાતે રહેતા માતા-પિતા દરરોજની જેમ પોતાની બાળકીને દાદીમાં પાસે મુકી નોકરી પર ગયા હતા. જો કે દાદીમાં ઘરકામ કરતા હોવાથી કામમાં વ્યસ્ત હતા. તે સમયે અચાનક નાની બાળકી રમતા રમતા ઘરેથી નીકળી ગઈ હતી. આ બાળકી પેથાપુર પોસ્ટ ઓફિસ પાસે પહોંચી ગઈ હતી. જયારે બીજીબાજુ દાદીને બાળકી ગુમ થયાની જાણ થતા શોધખોળ આદરી હતી. પરંતુ બાળકીનો ક્યાંય અત્તોપત્તો લાગ્યો ન હતો. ત્યારે બાળકી પોસ્ટ ઓફિસ પાસે રડતી હતી. તે સમયે મહિલા ટીમના સભ્યોની નજર બાળકી પર ગઈ હતી. પોલીસે બાળકીને લઈ જઈ બેસાડી ચા-નાસ્તો કરાવી નામ પુછ્યું હતું.પરંતુ બાળકી કંઈ બોલતી ન હતી. જેથી પીએસઆઈ એમ.એસ.રાણાના માર્ગદર્શન હેઠળ સી ટીમના સભ્યો બાળકીને લઈ આસપાસના વિસ્તારોમાં તેના પરિવારજનોને શોધવા માટે નીકળ્યા હતા. બે કલાક સુધી પેથાપુરના મોટાભાગના વિસ્તારો ખુંદી નાંખ્યા બાદ બાળકીના દાદી મળી આવ્યા હતા. ત્યારે પૌત્રી જોઈને દાદીનો હરખ સમાતો ન હતો. તેઓએ પોલીસને કહ્યું હતું કે તે સવારથી ગાયબ થઈ ગઈ હતી. જેથી સવારથી જ તેની શોધખોળ કરી હતી પરંતુ બાળકી મળી ન હતી.જયારે પેથાપુર મહિલા સી ટીમના સભ્યોએ ભારે જહેમત બાદ બાળકીને દાદી સાથે સુખદ મિલન કરાવતા દાદીએ પણ સૌ સભ્યોનો આભાર માન્યો હતો.

**જાહેર નિવિદા**

જિલ્લા ખેતાવાડી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, સેકટર-૧૭, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨-૨૨૭૭૯) હસ્તકના બિન ઉપયોગી વાહન નં. જી.જે. ૧૮.જી-૨૭૮૬ (બોલેરો)ની જે તે સ્થિતિમાં જાહેર હરાજી ઉક્ત કચેરીએ તા. ૩૦/૧૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૫.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ કચેરીના કામકાજના દિવસોએ ઉક્ત કચેરીએ નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ હરાજીની બોલીઓ અને શરતો વાંચી તેનું પાલન કરવાનું રહેશે અને ઉક્ત સ્થળે ચાલુ કામકાજના દિવસોએ સ્થળ પર આવી વાહન જોઈ લેવાનું રહેશે. જા.નિ.નં. ૧/૨૦૨૦-૨૧

સહી/-
જિલ્લા ખેતીવાડી અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર

માહિતી/૧૫૦૯/૨૧-૨૨

**જાહેર નિવિદા નં.-૦૫ સને ૨૦૨૧-૨૨**
**(ફક્ત વિદ્યુતિકરણ કામના ઈજારદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮ / મો. ૯૭૨૪૪૪૬૯૧૬) દ્વારા વિદ્યુતિકરણને લગતા ૨ (બે) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૪૫,૭૮૮/- થી રૂ. ૯૧,૩૫૫/- છે, જેના માટે આવા કામના અનુભવી તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુતિકરણ કામના ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. સદર કામોના કોરા ટેન્ડર મેળવવાની છેલ્લી તા. ૨૩/૧૧/૨૦૨૧ છે. તેમજ રજી.પોસ્ટ / સ્પીડ પોસ્ટથી ભરેલા ટેન્ડર પરત મેળવવાની તા. ૩૦/૧૧/૨૦૨૧ છે. શક્ય હશે તો તા. ૧/૧૨/૨૦૨૧ના રોજ ૧૨-૦૦ કલાકે ઉપસ્થિત ઈજારદારોની હાજરીમાં ભરીને આવેલ ભાવપત્રકો ખોલવામાં આવશે. ઉપરોક્ત કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસબોર્ડ પર મુકવામાં આવેલ છે. તેમજ રસ ધરાવતા ઈજારદારોએ નોટીસ અંગેની વધુ માહિતી માટે જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો. સરકારશ્રીના વખતોવખતના નિયમો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે. કોઈપણ એક અથવા બધા જ ટેન્ડરો કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય રદ કરવાના અધિકારો આ વિભાગના અબાધિત રહેશે. જો બાનાની રકમ બિડાયેલ નહિ હોય તો ટેન્ડર સ્વીકૃતિને પાત્ર થશે નહિ.

માહિતી/૧૫૧૬/૨૧-૨૨

**ઓનલાઈન ટેન્ડર જાહેર નિવિદા નં.૦૨ (એસ.કે.)**
**સને (૨૦૨૧-૨૨)**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત, બનાસકાંઠા, પાલનપુર વિભાગ હસ્તકના પેટા વિભાગોના વિસ્તારોના રસ્તાઓના મરામત માટે માર્ગ અને મકાન વિભાગ ગુજરાત રાજ્યમાં માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી જંગલકટીંગ / અર્થવર્ક / મશીનરી / પ્રોટેકશન વર્ક તથા મેટલવર્ક, ડામરપેચ તથા 'મેઈન્ટેનન્સ ઓફ રેસીડેન્ટ એન્ડ નોન રેસીડેન્ટ બિલ્ડીંગ' તથા રોડ ફર્નિસીંગની કામગીરી માટે માલસામાન સપ્લાય મજુરી કામ સાથેની કામગીરી તથા સરકારી સમારોહ માટે મંડપ / સ્ટેજડની કામગીરી તથા જિલ્લા પંચાયત ભવન અને તે હસ્તકના તમામ રહેણાંક / બિનરહેણાંક મકાનો માટે ઈલેક્ટ્રીકને લગતા માલસામાન તથા મરામત કામગીરી માટે ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે કામની વિગતવાર નોટીસ વેબસાઈટ www.rnbnprocure.com તથા www.statetenders.gujarat.gov.in ઉપર તા. ૧૮/૧૧/૨૦૧ થી જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. આ કામનો વિગત નોટીસ બોર્ડ પર જોવા મળશે. આ કામની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી રહેશે. કચેરોની સંપર્ક ફોન નં. ૦૨૭૪૨-૨૫૭૧૯૭

નં. નામાનિ/પાલન/૪૨૨/૨૦૨૧-૨૦૨૨